દાદા ભગવાન પરિવારનું

એપ્રિલ ૨૦૨૪

પ્રતિ પ્રત ભાવ : ₹ ૨૦/-

# અક્રમ એક્સપ્રેસ



# સંપાદકીય

બાળમિત્રો,

કેનેડાની કડકડતી ઠંડીમાં, એક રાત્રે પાંચ વર્ષની હેના ટેલરે એક ગરીબ માણસને કચરાપેટીમાંથી ખાવાનું ખાતા જોયો. એને મનમાં થયું,'જો બધા પોતાની વસ્તુઓ એકબીજા સાથે શેર કરે તો આ ગરીબીનો અંત ના આવી શકે ?' આઠ વર્ષની ઉંમરે હેનાએ ગરીબ લોકોની મદદ કરવા માટે એક ફાઉન્ડેશનની શરૂઆત કરી.

આવું જાણીને આપણે દિલથી પ્રશંસા કરીએ અને સાથે સાથે 'લોકોને હેલ્પ મળવી જ જોઈએ' એ વાતને સપૉર્ટ પણ કરીએ. ખરું ને ? ક્યારેક આપણાથી નેગેટિવ વાતોને પણ સપૉર્ટ અપાઈ જતો હોય છે. જેમ કે, સ્કૂલમાં આપણી ના ગમતી વ્યક્તિને કોઈ મારતું હોય તો આપણે મારનારને એને વધુ મારવા માટે કદાચ ઉશ્કેરી પણ દેતા હોઈશું.

આમ, પૉઝિટિવ કે નેગેટિવ વાતોને સપૉર્ટ કરવો, એ ખરેખર શું કહેવાય ? ચાલો, જ્ઞાનીઓની સમજણ, વાર્તાઓ અને ઍક્ટિવિટિઝ દ્વારા આ ટૉપિકને સમજીએ અને સાથે સાથે કઈ વાતને ટેકો આપવામાં હિત છે અને ક્યાં અહિત છે, એ પણ જાણીએ.

- ડિમ્પલ મહેતા

# સપૉર્ટ ક્યાં કરવો...


વર્ષ : ૧૬, અંક : ૦૮
સળંગ અંક : ૧૮૮
એપ્રિલ ૨૦૨૪



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : ૯૩૨૮૬૬૧૧૬૬/૭૭
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



Editor: Dimple Mehta

Printer & Published by
Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist - Gandhinagar

Owned by and Published from
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist - Gandhinagar

Printed at
Amba Multiprint
Opp. H B Kapadiya New High School,
Chhatral-Pratappura Road,
At-Chhatral, Tal. Kalol
Dist. Gandhinagar – 382729.



© 2024, Dada Bhagwan Foundation
All Rights Reserved



અક્રમ
એક્સપ્રેસ

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૨૦૦ રૂપિયા
પાંચ વર્ષ
ભારત : ૧,૦૦૦ રૂપિયા
D.D. / M.O. 'મહાવિદેહ
ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# જ્ઞાનીઓ કહે છે...

પ્રશ્નકર્તાઃ કર્યું, કરાવ્યું અને અનુમોદવું એટલે શું ?

નીરુમાઃ કર્યું એટલે પોતે કરવું. કરાવવું એટલે બીજા પાસે કરાવડાવવું અને અનુમોદવું એટલે કોઈ ના કરતું હોય તો આપણે એને ઉશ્કેરવું કે કર, કર, કર હું છું ને, એને અનુમોદવું કહેવાય.

એક કરતો હોય, બીજો કરાવતો હોય અને કરવા માટે એને સપૉર્ટ કરતો હોય એ અનુમોદના કહેવાય.



પ્રશ્નકર્તાઃ આપણે કોઈને અનુમોદના આપીએ તેનું શું ફળ આવે ?

પૂજ્યશ્રીઃ અનુમોદના બે જાતની હોય. એક સારામાં હોય અને બીજી ખરાબમાં હોય.

કોઈ દાન આપતું હોય અને આપણે કહીએ કે ભગવાનમાં દાન આપવું એ સારું કહેવાય. સારી વાતમાં અનુમોદના આપવાથી પુણ્ય બંધાય.



કોઈ ચોરી કરતો હોય અને કોઈ એને એમ કહે કે, 'આ શેઠને તો લૂંટવા જ જોઈએ.' એમ ખરાબ કામમાં અનુમોદના આપો તો પાપ બંધાય.




આ કસાઈઓ બકરા કાપીને વેચે છે એનો જે દોષ એને લાગે છે તેના કરતાં જે લોકો કહે છે કે, 'આપણે માંસાહાર ખાવો જોઈએ, ના ખાય તો અનાજ ખૂટી પડે.' એવી જે અનુમોદના કરે છે તેને વધારે દોષ લાગે છે.

# ચાલો રમીએ...

દાખલા ગણો અને આવેલા જવાબ પરથી બાજુમાં આપેલા કોડ પ્રમાણે ચિત્રમાં કલર પુરો અને તમે કલર કરેલું આ સરસ મજાનું ચિત્ર અમને મોકલવાનું ભૂલશો નહીં.

૯૩૧૩૬૬૬૫૬૨

1
2
3
4
5
6
7
8
9



# આ તો નવી જ વાત !

કોઈ લાખ રૂપિયાનું દાન આપતો હોય અને બીજાથી અપાતું ના હોય પણ એને એમ થાય કે, 'કેટલા ધન્ય છે, કેટલું સરસ કામ કર્યું.' તો એને લાખ રૂપિયાનું દાન આપવાના ભાવને અનુમોદના કરી કહેવાય.

**એ અનુમોદનાથી એને આપ્યા બરાબર બીજ પડી જાય.**



દા.ત. : કોઈ પોતાની મનગમતી વસ્તુઓ જેમ કે, રમકડા, સ્ટેશનરી વગેરે બીજાને રાજી રાજી આપી દેતું હોય અને આપણને મનમાં એમ થાય કે, 'કેટલું સરસ કામ કર્યું, આવું કરવું જ જોઈએ' તો આપણે 'શેર' કરવાના ભાવને અનુમોદના કરી કહેવાય.

**આ અનુમોદનાથી આપણને આપ્યા બરાબર ફળ મળે.**


# હું તારી સાથે જ છું...

(આ એક કાલ્પનિક વાર્તા છે. જેમ આપણા પ્લેનેટ પૃથ્વીમાં ભારત, ચીન, અમેરિકા વગેરે દેશો છે, તેમ આ 'સુરેનીસ' નામના એક કાલ્પનિક પ્લેનેટની વાર્તા છે. જેમાં, 'ઝેન્ડાર' અને 'ડોલોમેક્સ' નામના બે દેશો છે.)

યુકોના હૃદયના ધબકારા વધી ગયા હતા. બંધ લેબોરેટરીની વચ્ચોવચ રાખેલા એક બ્લુ-ગ્રીન ફ્લાસ્કમાં એનો પ્રયોગ ચાલી રહ્યો હતો. બસ, બાર સેકન્ડમાં જ રિઝલ્ટ આવવાનું હતું.

આમ તો પંદર વર્ષના યુકોએ પોતાની નાનકડી લાઈફમાં અનેક પ્રયોગો કર્યા હતા. સુરેનીસ પ્લેનેટના દક્ષિણ દિશામાં આવેલા ઝેન્ડાર દેશના લોકો યુકોને 'લિટલ સાયન્ટિસ્ટ'ના નામે ઓળખતા હતા. ક્યારેક યુકોના એક્સપેરિમેન્ટ સફળ જતા તો ક્યારેક નિષ્ફળ. પણ, તે દિવસે લાઈફમાં પહેલીવાર યુકોની સફળતાની ઝેન્ડાર દેશને સહુથી વધારે જરૂર હતી. એક એક સેકન્ડ કાઢવી એના માટે અઘરી બની ગઈ હતી.

છેવટે, બારમી સેકન્ડે રિઝલ્ટ આવ્યું અને યુકોની ખુશીનો પાર ના રહ્યો. એને લાગ્યું જાણે એણે યુદ્ધમાં જીત મેળવી લીધી હોય. અને આમ જોવા જઈએ તો ખરેખર યુદ્ધમાં વિજય મેળવવા માટે જ તો યુકોએ આ પ્રયોગ કર્યો હતો.



થોડા સમય પહેલા ડોલોમેક્સ દેશે ઝેન્ડાર દેશ પર આક્રમણ કર્યું હતું. ઝેન્ડાર દેશના સૈનિકોએ ખૂબ શૂરવીરતાથી ડોલોમેક્સના સૈનિકોનો સામનો કર્યો હતો. પણ, આખરે સેનાનું શૌર્ય ડોલોમેક્સની ટેક્નિકલ તાકાત સામે ઓછું સાબિત થયું હતું. દિવસે દિવસે લાગી રહ્યું હતું કે ડોલોમેક્સ દેશ ઝેન્ડાર દેશનો કબજો કરી લેશે અને આવા વખતે યુકોના પ્રયોગની સફળતા યુદ્ધના પરિણામ માટે એક ટર્નિંગ પૉઈન્ટ (નિર્ણયાત્મક) બની શકે તેમ હતી.

યુકો, ઝેન્ડારના કિંગ, માર્કસને મળવા ગયો. કિંગે ખૂબ ધ્યાનથી યુકોની વાત સાંભળી. વાત પૂરી થઈ અને કિંગની



આંખો ભીની થઈ ગઈ. ભીષણ યુદ્ધના અંધકાર વચ્ચે કિંગને આશાનું એક કિરણ દેખાયું.

'શાબાશ યુકો, તે જબરદસ્ત મોટી શોધખોળ કરી છે. મને વિશ્વાસ છે કે હવે ડોલોમેક્સના કિંગ કઝાન આપણી વાત સાંભળવા તૈયાર થશે.' માર્કસે યુકોનો ખભો થાબડ્યો.

માર્કસે કિંગ કઝાનને યુકોની શોધખોળની વાત કરી પણ કિંગ કઝાને માર્કસની વાત હસવામાં ઉડાવી દીધી, કારણ કે યુકોની સાયન્ટિફિક શોધખોળ એમને અશક્ય લાગી. પણ જ્યારે કિંગ માર્કસે કહ્યું કે, યુકો ડોલોમેક્સ જાતે આવીને પોતાની શોધની સાબિતી આપી શકે છે, ત્યારે કિંગ કઝાનને ખાતરી થઈ.

કિંગ કઝાનને ખાતરી થયા બાદ કિંગ માર્કસે કિંગ કઝાન સામે બે શરતો મૂકી.

૧. યુકોનો પ્રયોગ આખા સુરેનીસ પ્લેનેટમાં લાઈવ બતાવવામાં આવે અને

૨. જો પ્રયોગ સફળ થાય તો યુદ્ધ બંધ કરવામાં આવે.

કઝાનને વિચાર આવ્યો કે,'અત્યારે શરતો માનવામાં શું વાંધો છે ? બાજી તો આખરે મારા હાથમાં જ છે ને.'

'તમારી શરતો અમને મંજૂર છે.' કઝાને માર્કસને વિડિયો કૉલમાં જણાવ્યું, 'પણ યુકો અહીં એકલો જ આવશે. એને લેવા માટે અમે એક ફ્લાઈટ મોકલીશું.'

માર્કસે કઝાનની વાત માની લીધી.

ઝેન્ડાર દેશમાં જ્યારે આ ખબર ફેલાઈ ત્યારે હાહાકાર મચી ગયો.'આપણો નાનકડો યુકો એકલો ડોલોમેક્સ કેવી રીતે જશે ?! કઝાન તો ક્રૂર છે, એ આપણા યુકોને બંદી બનાવી દેશે તો ?' એક બાજુ ઝેન્ડાર દેશમાં યુકો માટે પ્રાર્થનાઓ થવા લાગી તો બીજી બાજુ ડોલોમેક્સ દેશમાં યુકોની મશ્કરીઓ શરૂ થઈ ગઈ. ડોલોમેક્સમાં કોઈને યુકોની વૈજ્ઞાનિક શોધ પર વિશ્વાસ નહોતો.

કિંગ માર્કસે યુકોને ખાતરી આપી,'યુકો, તું બિલકુલ ચિંતા ના કરીશ. તારો વાળ પણ વાંકો નહીં થવા દઉં. તું ભલે ત્યાં એકલો જાય છે, પણ હું અને દેશભરના લોકો તારી સાથે જ છીએ.'

પ્રયોગ માટેની બધી સાધન સામગ્રી યુકોએ એક બેગમાં પૅક કરી. મનમાં સાહસ અને દિલમાં યુદ્ધ

પૂરું થવાની પ્રાર્થના પૅક કરીને એ ફ્લાઈટમાં બેઠો. વાદળોની વચ્ચેથી પસાર થઈ રહી ટ્રાન્સપરન્ટ વિન્ડો ગ્લાસની ફ્લાઈટમાંથી જ્યારે યુકોની નજર ગુલાબી અને નારંગી રંગોમાં રંગાયેલી ડોલોમેક્સની ઊંચી ઊંચી આધુનિક બિલ્ડિંગ અને ગોળ ગોળ વળાંકવાળા રસ્તાઓ પર પડી, ત્યારે એ ચકિત થઈ ગયો. એ પહેલીવાર ડોલોમેક્સ જઈ રહ્યો હતો.

ફ્લાઈટ લૅન્ડ થઈ અને તરત જ એક શંકુ આકારનું શટલ આવીને યુકોને સ્ટેડિયમમાં લઈ ગયું. કિંગ કઝાન, એમનો સ્ટાફ અને ડોલોમેક્સના હજારો દેશવાસીઓ યુકોની રાહ જોઈ રહ્યા હતા. આ સ્ટેડિયમમાં યુકોએ પોતાનો એક્સપેરિમેન્ટ કરી બતાવવાનો હતો.

આટલા બધા માણસોને જોઈને યુકોને થોડી ગભરામણ થઈ. પણ ત્યાં એને કિંગ માર્કસે કહેલા શબ્દો યાદ આવ્યા,'હું તારી સાથે જ છું.' અને એને હિંમત આવી ગઈ.

સહુ પ્રથમ યુકોએ કિંગ કઝાનને અને ઑડિયન્સને આ તક આપવા બદલ 'થેન્ક યૂ' કહ્યું. પછી તેણે સુરેનીસ પ્લેનેટના વાસીઓનું પણ અભિવાદન કર્યું. આ પ્રોગ્રામ બધે જ લાઈવ બતાવાઈ રહ્યો હતો. યુકોએ આગળ કહ્યું, 'ઝેન્ડાર દેશમાં ઘણા બધા પ્રૉબ્લેમ્સ છે અને ડોલોમેક્સ દેશમાં જોવા જઈએ તો ના બરાબર હશે. પણ એક પ્રૉબ્લેમ છે જે ઝેન્ડાર અને ડોલોમેક્સ, બન્ને દેશમાં કૉમન છે. અને એ છે - પીવાનું લિક્વિડ. સુરેનીસ પ્લેનેટના વાસીઓના શરીરને જે પીવાનું લિક્વિડ માફક આવે છે, એ લિક્વિડની કમી બન્ને દેશોમાં છે. આપણે બીજા અન્ય દેશોથી આ લિક્વિડ ઈમ્પોર્ટ કરવું પડે છે. મારા સાયન્સ એક્સપેરિમેન્ટથી મેં હવામાંથી ગૅસીસ ગ્રહણ કરીને આ લિક્વિડ બનાવ્યું છે. હવે, આપણને ક્યારેય આ લિક્વિડની તંગી નહીં થાય.'

યુકોએ પોતાનો બ્લુ-ગ્રીન ફ્લાસ્ક ટેબલ પર મૂક્યો અને સફળતાપૂર્વક એક્સપેરિમેન્ટ કરી બતાવ્યો. આખું સ્ટેડિયમ 'વાહ વાહ'ના અવાજોથી ગૂંજી ઊઠ્યું. યુકોએ લિક્વિડ પહેલા જાતે પીધું અને પછી આસપાસના લોકોને થોડા નંબર્સ બતાવ્યા જે સાબિત કરે કે આ એ જ પીવાનું લિક્વિડ છે.



કિંગ કઝાનની આંખો પહોળી થઈ ગઈ. ટેક્નોલોજી તો એને મળવાની જ હતી, પણ સાથે સાથે એના ક્રૂર મનમાં વિચાર આવ્યો કે, યુકોને પણ એ પોતાના દેશમાં જ રાખી લેશે જેથી ભવિષ્યમાં એની સાયન્ટિફિક શોધખોળનો એ લાભ ઉઠાવી શકે.

એક બાજુ કઝાન યુકોને રાખી લેવાની યુક્તિઓ ઘડી રહ્યો હતો, તો બીજી બાજુ ડોલોમેક્સના લોકો યુકોના વખાણની વર્ષા વરસાવવા લાગ્યા. આ એ જ લોકો હતા જે થોડા સમય પહેલા યુકોની મશ્કરીઓ કરી રહ્યા હતા.

યુકોએ ખૂબ જ નમ્રતાથી કિંગ કઝાનને નિવેદન કર્યું, 'આ ટેક્નોલોજીની જરૂરત જેટલી અમારા દેશને છે એટલી જ ડોલોમેક્સને પણ છે. કિંગ કઝાન, ટેક્નોલોજી તો તમને આપી દઈશ, પણ હવે આ યુદ્ધ બંધ કરાવી દો.'

કિંગ કઝાન જોરથી હસ્યા અને તરત જ લાઈવ પ્રોગ્રામ બંધ કરાવી દીધો. યુકોને પકડીને કિલ્લામાં લઈ જવાનો આદેશ કર્યો. યુદ્ધ રોકવાનો તો કઝાનનો કોઈ ઈરાદો જ નહોતો. એને તો ઝેન્ડાર પર કબજો મેળવવો હતો.


જ્યારે ડોલોમેક્સની પ્રજાને કઝાનના નિર્દય હેતુની ખબર પડી, ત્યારે બધાએ સાથે મળીને એક અનોખી ક્રાંતિ સર્જી. અડધી પ્રજાએ નારા લગાવીને યુકોને છોડાવવાના પ્રયત્નો કર્યા તો બાકીની પ્રજાએ દિલથી પ્રાર્થનાઓ કરીને નાનકડા સાયન્ટિસ્ટનો સપૉર્ટ કર્યો.

'જે બાળક એકલો ચાલીને આપણને પીવાનું લિક્વિડ બનાવવાની ફૉર્મ્યૂલા આપવા આવ્યો છે, એ બાળકને બંદી કેવી રીતે બનાવાય ? એને કેવી રીતે છેતરાય ?' કઝાનને યુદ્ધ ચાલુ રાખવા માટે સૈનિકોની જરૂર હતી. પણ ડોલોમેક્સના સૈનિકોએ પણ હથિયાર નીચે મૂકી દીધા. કિંગ કઝાનના બે-ચાર વફાદાર સાથીઓ સિવાય કોઈ એને સાથ આપવા તૈયાર નહોતું. એટલે, આખરે એને હાર માનવી પડી.

જ્યારે કિંગ માર્કસ યુકોને ઝેન્ડાર લઈ જવા માટે આવ્યા, ત્યારે જતા જતા કોઈએ યુકોને પૂછ્યું,'તને અહીં એકલા આવતા ડર કેમ ના લાગ્યો ?'

યુકોએ કહ્યું, ''ના, કારણ કે કિંગ માર્કસે મને કહ્યું હતું કે તેઓ મારી સાથે છે. અને હું જ્યારે અહીં આવ્યો ત્યારે મારા દેશના લોકોની ભાવના હતી કે, 'યુદ્ધ બંધ થાઓ અને શાંતિ ફેલાઓ' એ ભાવના મારી સાથે જ હતી. અહીં આવ્યા પછી મને ડોલોમેક્સની પ્રજાનો પણ સપૉર્ટ મળ્યો. આટલો બધો પૉઝિટિવ સપૉર્ટ હોય, પછી ડર શેનો ?''

તે દિવસે ફક્ત ઝેન્ડાર અને ડોલોમેક્સની પ્રજાને જ નહીં, પણ આખા સુરેનીસ પ્લેનેટને સમજાયું કે પૉઝિટિવ વાતને સપૉર્ટ કરવામાં કેટલું જબરદસ્ત બળ છે !



# સૉલ્વ ધ કેસ

ડિટેક્ટિવ બનીને એક કેસ સૉલ્વ કરો. નીચે આપેલી ઘટનામાં કોણે કર્યું છે, કોણે કરાવ્યું છે અને કોણે અનુમોદન આપ્યું છે. એ શોધીને  બાજુના પેજમાં તમારો જવાબ લખીને, ફોટો પાડીને અમને ૯૩૧૩૬૬૫૫૮૨ નંબર પર મોકલવાનું ભૂલશો નહીં.





લંડનના પૈસાદાર બિઝનેસમેન મિસ્ટર સ્મિથે પેરિસના હીરાના વેપારી મિસ્ટર વર્મા પાસેથી પંદર કરોડનો હીરો ખરીદ્યો. આ હીરો બેંકના લૉકરમાં સેફ રીતે મૂકવામાં આવ્યો.

આ વાતની જાણ મિસ્ટર ખત્રીને થઈ. એમણે રોકીને ફોન કરીને કહ્યું, ‘રોકી, આ હીરો તારે મને પહોંચાડવાનો છે. અસલી હીરાની જગ્યાએ નકલી હીરો મૂકી દેજે. તને તારું ઈનામ મળી જશે.’





રોકીએ ખૂબ ચાલાકીથી મિસ્ટર ખત્રીનું કામ કરી દીધું. બીજા દિવસે લંડનના બધા જ ટેલિવિઝન પર એક જ ચર્ચા થઈ રહી હતી, આટલી બધી સિક્યુરિટી હોવા છતાંય આ ચોરી કોણે અને કેવી રીતે કરી ?



મિસ્ટર પાઠકે જ્યારે ટી.વી. પર આ ખબર જોઈ ત્યારે એમને મનમાં થયું,'આ પૈસાદાર લોકોને તો લૂંટવા જ જોઈએ. લોકોની મહેનતનો પૈસો પચાવીને બેઠા છે.'

આ ઘટનાના કેરેક્ટરના નામો છે - મિસ્ટર સ્મિથ, મિસ્ટર વર્મા, મિસ્ટર ખત્રી, રોકી અને મિસ્ટર પાઠક. આમાંથી યોગ્ય નામ નીચેના ટેબલમાં લખો.

કોણે કર્યું ?

કોણે કરાવ્યું ?

કોણે અનુમોદન આપ્યું ?





આવી વાતને સપોર્ટ !
ક્લાસ શરૂ થવાની વાર હતી. તેજ ક્લાસરૂમની બહાર ઊભો હતો. ત્યાં તો લક્ષ આવ્યો.
તેજ, તેં સાંભળ્યું ? પ્રિન્સિપલ સરે મનોજ સરને કાઢી મૂક્યા.
વાઉ ! સુપર્બ ! કાઢવા જ જોઈતા હતા.
થોડીવારમાં ઝીશાન આવ્યો,
યાર ઝીશાન, તું તો આપણા ક્લાસ માટે બહુ જ લકી નીકળ્યો. ગઈકાલે તારો પહેલો દિવસ હતો અને આજે મનોજ સરનો છેલ્લો !
સાચે, પણ છેલ્લે જતા જતા મનોજ સરે તને પણ એમની ફેમસ પ્રસાદી તો આપી જ દીધી.
ત્રણેય ક્લાસમાં ગયા.
ક્લાસમાં,
આજે મારો છેલ્લો દિવસ છે. 'ઈન્ડિયા ટેલેન્ટ સર્ચ એક્ઝામ' માટે બધાને ઑલ ધ બેસ્ટ.
આપણને આટલું હેરાન કર્યા પછી કેવી એક્ટિંગ કરે છે. એમને તો ડ્રામા સ્કૂલ જૉઈન કરવી જોઈએ.
બન્ને હસી પડ્યા.



સાંજે તેજના ઘરે,
શું વાત છે ? આજે તેજ-લક્ષની જોડી આટલી બધી ખુશ કેમ છે ?
કારણ કે, આજે ક્લાસના વિલન એટલે કે, મનોજ સરને પ્રિન્સિપલ સરે કાઢી મૂક્યા.
એમાં ખુશ થવાય ? કોઈની જૉબ ગઈ અને તમે લોકો ખુશ થાવ છો ?
અરે, એમાં અમે શું કરીએ ? અમે કંઈ એમને જૉબમાંથી નથી કાઢ્યા. અમે કોઈ ફરિયાદ કરીને એમને કઢાવ્યા પણ નથી.
અમે તો બસ પ્રિન્સિપલ સરના નિર્ણયને સપૉર્ટ કરીએ છીએ.
એ પણ ખોટું જ કહેવાય. ખોટા કામને ટેકો આપીએ તો ક્યારેય સારું રિઝલ્ટ ના મળે.




ઓકે. સારું સારું. હવે ભણવા દે. અમારે તો ટેલેન્ટ સર્ચ એક્ઝામમાં સારું રિઝલ્ટ લાવવાનું છે.
મહિનાઓ સુધી તેજ અને લક્ષ એક્ઝામની તૈયારી કરતા રહ્યા. પણ, રિઝલ્ટના દિવસે બન્નેનું મોઢું ઊતરેલું હતું.
રિઝલ્ટના દિવસે સાંજે,
આ શું ? અમે ફેલ થયા અને અહીં પાર્ટી કેમ થઈ રહી છે ?
કારણ કે, સુહાસ અંકલનો દિકરો વ્યોમ, ટેલેન્ટ સર્ચ એક્ઝામમાં પાસ થઈ ગયો છે અને એને આગળ ભણવાની સ્કૉલરશિપ મળી છે.
કોંગ્રેચ્યુલેશન્સ વ્યોમ !
થેન્ક યૂ, દીદી. પણ આ તો સેન્ટ ફ્રાન્સીસ સ્કૂલના મનોજ સરના કારણે થયું છે.



હેં ? અમારી સ્કૂલના મનોજ સર ?!
હા. એ બહુ કડક છે. પણ, એમણે અમને આટલું મસ્ત ના ભણાવ્યું હોત તો હું પાસ ના થયો હોત. એન્ડ થેન્ક યૂ ઝીશાન ઑલ્સો.
ઝીશાન ?
હા, જો ઝીશાનના પપ્પાએ મનોજ સરને તમારી સ્કૂલમાંથી કઢાવ્યા ના હોત તો એમણે અમારી સ્કૂલ કેવી રીતે જૉઈન કરી હોત ? ઓકે, ચાલો હું જઉં છું. મને ત્યાં બોલાવે છે.
આજે અફસોસ થાય છે કે આપણે સરને કાઢી મૂકવાની વાતને સપૉર્ટ કર્યો.
હા, યૂ આર રાઈટ. દીદીએ સાચું જ કહ્યું હતું કે ખોટી વાતને સપૉર્ટ કરીને ક્યારેય સારું રિઝલ્ટ ના મળે.
થોડીવાર રહીને તેજના પાડોશી,અશ્વિન અંકલ આવ્યા,
તમારા જેવા યંગ લોકોએ આવા વિચિત્ર સેલિબ્રિટિસનો વિરોધ કરવો જોઈએ.
નેગેટિવ વાતને સપૉર્ટ કરવામાં શું ફાયદો ?
અંકલ, નેગેટિવ વાતનો વિરોધ કરવા કરતાં પૉઝિટિવ વાતને, એટલે કે પિઝાને સપૉર્ટ કરીએ તો ?!

આપેલા ચિત્રને કાપીને એવી રીતે ચોંટાડો કે એક ચિત્ર એક જ વાર એ લાઇનમાં આવે.





આપેલા ચિત્રમાં કેટલા ત્રિકોણ છે તે ગણો.

# ઐતિહાસિક ગૌરવગાથાઓ

પાટલીપુત્રમાં બે ભાઈ વેપાર કરીને ગુજરાન ચલાવતા હતા. એક વખત એક ગુરુ મહારાજ પાસે બન્નેએ ધર્મની વાત સાંભળીને દીક્ષા લીધી.

બેમાંથી એક ભાઈએ ભણવાનો પ્રયત્ન જ ના કર્યો અને બીજા ભાઈએ ખૂબ ભણીને આચાર્ય પદવી મેળવી. તેમના ૫૦૦ શિષ્ય બન્યા. સાધુઓને તેઓ પ્રવચન આપતા. અવારનવાર સાધુઓ એમના પ્રશ્નો લઈને આચાર્ય પાસે આવતા. ઘણીવાર તો આચાર્યને સૂવાનો સમય પણ મળતો નહીં.

એક વખત આચાર્યને વિચાર આવ્યો,'હું શાસ્ત્ર ભણ્યો એનું જ આ દુ:ખ છે. આરામ પણ મળતો નથી. મારો અભણ ભાઈ કેવો સુખી છે. કોઈ જાતની ચિંતા નથી. એ નિરાંતે આહાર કરીને ઊંઘે છે. ખરેખર, ભણવું જ ના જોઈએ. તો સુખી રહેવાય.' આમ એમનાથી 'અભણ રહેવામાં સુખ છે' એ વાતને અનુમોદના અપાઈ ગઈ.

એક દિવસ બધા સાધુઓ બહાર ગયા હતા. ત્યારે છટકી જવાનો અવસર જાણીને તેઓ નગરની બહાર ચાલી ગયા. ત્યાં કોઈક ઉત્સવ ચાલતો હતો. એક થાંભલાને શણગાર્યો હતો અને તેની ફરતે લોકો બેઠા હતા. આચાર્ય એક તરફ ઊભા રહીને આ જોઈ રહ્યા હતા.



ઉત્સવ પૂરો થતા થાંભલા ઉપરથી વસ્ત્ર અને આભૂષણ ઉતારીને લોકો જતા રહ્યા. થાંભલો ઉજ્જડ રહી ગયો. કાગડાઓ ત્યાં આવીને 'કાં કાં' કરવા લાગ્યા. આ જોઈને, આચાર્ય મહારાજને વિચાર આવ્યો, 'માણસોનો સમુહ હતો તેથી થાંભલો શણગાર્યો હતો. માણસોથી જ તેની શોભા હતી. એ માણસો ચાલ્યા ગયા તો થાંભલો હાડપિંજર જેવો લાગે છે. એ જ રીતે પરિવારથી જ આપણી શોભા છે. એકલાની કશી શોભા નથી. મારી પાસે મારા શિષ્યોનો પરિવાર છે. એમનાથી નાસી છૂટવાનો મારો વિચાર કેટલો ખોટો કહેવાય. તેઓ ઉપાશ્રય પાછા આવ્યા. એમણે તપ કર્યું અને મૃત્યુ પછી દેવગતિમાં ગયા.'

દેવલોકનું આયુષ્ય પૂર્ણ કરીને તેઓ એક રબારીને ત્યાં જન્મ્યા. એક દિવસ, પરિવારમાં કોઈ ઘટના ઘટવાથી એમને દીક્ષા લેવાની પ્રેરણા થઈ.

દીક્ષા લીધા બાદ એમણે શાસ્ત્રોનો અભ્યાસ શરૂ કર્યો. પણ પૂર્વજન્મમાં જે 'અભણ રહેવામાં સુખ છે' એ વાતને અનુમોદના અપાઈ ગઈ હતી, તેના કારણે આ જન્મમાં તેમને શાસ્ત્રના પાઠ યાદ રાખવામાં બહુ જ તકલીફ પડતી હતી. કોઈ રીતે એમને યાદ રહેતું જ નહોતું.


મુનિએ ગુરુને પોતાની યાદ રાખવાની તકલીફ વિશે જણાવ્યું. ગુરુએ એમને એક મંત્રનું રટણ કરવા કહ્યું. આ મંત્રનો અર્થ હતો કે, 'કોઈ વાતે રોષ ના કરીશ (અકળાઈશ નહીં) કે કોઈ વાતે રાગ ના કરીશ. (બહુ ગમાડીશ નહીં)'

મુનિએ ગુરુ મહારાજે આપેલો મંત્ર ગોખવા માંડ્યો. દિવસ-રાત એક જ ધૂન 'મા રુસ મા તુસ', મંત્ર ગોખતા એમની જીભ થાકી ગઈ. અને અસલ મંત્રને બદલે 'માસ તુસ માસ તુસ' મોંએ ચડી ગયું. એટલે એમણે 'માસ તુસ માસ તુસ' ગોખવા માંડ્યું.

આ સાંભળીને બધા હસવા લાગ્યા. છતાં મુનિએ ગુરુ મહારાજની શિખામણ ધ્યાનમાં રાખીને કોઈ પર રોષ ના કર્યો અને ક્ષમા રાખી. બીજા મુનિઓએ તેમનું નામ 'માસતુસ મુનિ' પાડી દીધું. પણ, મંત્રનો અર્થ એમણે ધ્યાનમાં રાખ્યો.

એ મંત્ર ગોખતા ગોખતા, એમણે રાગ-દ્વેષ જીતી લીધા અને એમને કેવળજ્ઞાન થયું. આયુષ્ય પૂર્ણ કરીને માસતુસ મુનિ મોક્ષે ગયા.






ચીલી તો સમજી ગયો કે આલુ શેની વાત કરે છે. શું ચાલ્યા કરશે અને શું ગૂંચાઈ ગયું છે ? આવતા મહિને આલુ-ચીલીએ શેની તૈયારીઓ કરવાની છે ? જાણવા માટે આપણે નેક્સ્ટ મન્થ સુધી રાહ જોઈશું.

Akram Express

April 2024
Year : 16, Issue : 08
Conti. Issue No.: 188

Date of Publication 8th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. G-GNR-345/2024-2026
valid upto 31.12.2026
Licensed to Post Without
Pre-payment No. PMG/NG/040/2024-2026
valid upto 31.12.2026
Posted at Adalaj Post Office on 8th of every month

Lmht





# Summer Camp 2024



Bmht

વધુ જાણવા સ્કેન કરો.

અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના

૧.આપનું લવાજમ પૂરું ક્યારે થાય છે, તે કઈ રીતે જાણશો ? આપના આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના એડ્રેસ લેબલ પરના મેમ્બરશીપ નંબરના છેલ્લા છ અંક તપાસો. દા.ત. **AGIT**૫૫૫/૦૮-૨૦૨૮ એટલે તમારું લવાજમ ઓગષ્ટ - ૨૦૨૮માં પૂરું થાય છે.

અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨.જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **WhatsApp** કરવો.
૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**, ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

*Publisher, Printer & Editor - Dimple Mehta on Behalf of Mahavideh Foundation*
*Printed at Amba Multiprint, Opp. H B Kapadiya New High School, Chhatral-Pratappura Road, At-Chhatral, Tal. Kalol, Dist. Gandhinagar – 382729.*

DBF • અડાલજ